If you want to fly, We provide wings...

ICE®

# TRENDING CURRENT

TOPIC 64

# બ્રેક્ઝિટ




## ચર્ચામાં શા માટે ?

## બ્રિટન પર COVID-19 અને બ્રેક્ઝિટની અસર વિશે :

## પોસ્ટ બ્રેક્ઝિટ ટ્રાન્ઝિશન પીરિયડ વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



TOPIC-64નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં IMF (International Monetary Fund)ના પ્રમુખે બ્રિટનને COVID-19ની અનિશ્ચિતતા દ્વારા ઉત્પન થયેલા પડકારોને ઘટાડવા માટે 'પોસ્ટ બ્રેક્ઝિટ ટ્રાન્ઝિશન પીરિયડ' (Post Brexit Transition Period)માં વૃદ્ધિ કરવાની સલાહ આપી છે.

## બ્રિટન પર COVID-19 અને બ્રેક્ઝિટની અસર વિશે :

- IMF પ્રમુખના જણાવ્યા મુજબ, વર્તમાન સમયમાં જ્યારે COVID-19 મહામારીના કારણે વિશ્વભરની અર્થવ્યવસ્થાને અસર થઈ છે. આવા સમયે બ્રિટને આ અનિશ્ચિતતાને દૂર કરવા માટે જરૂરી પગલા લેવા જોઈએ.
- બ્રિટન માટે યુરોપિયન યુનિયનથી અલગ થયા પછી ટ્રાન્ઝિશન પીરિયડ 31 ડિસેમ્બર, 2020ના રોજ સમાપ્ત થશે. આથી આયાત અને નિકાસને કોઈપણ વેપાર કરાર વિના બંને બાજુથી અસર થશે.
- વર્તમાન COVID-19 મહામારીના કારણે આ સમસ્યા વધુ જટિલ બની છે. હાલમાં બ્રિટન એવા દેશોમાં સામેલ છે જેમા COVID-19ની સૌથી તીવ્ર અસરો જોવા મળી છે.
- અગાઉ IMF એ ચેતવણી જારી કરી હતી કે આ વર્ષે વૈશ્વિક અર્થવ્યવસ્થા 1930ની મંદી પછી સૌથી ઝડપથી ઘટાડા તરફ આગળ વધી રહી છે.
- એક અંદાજ મુજબ, વર્તમાન નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં બ્રિટનની GDPમાં 35 ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. અને બેરોજગારીમાં 10 ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે.
- બ્રિટનમાં લાગુ લોકડાઉનને કારણે ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં દેશના વિવિધ ક્ષેત્રોમાં ઉદ્યોગો અને ધંધામાં ભારે નુકશાન થવાનો અંદાજ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- હાલમાં બ્રિટનની કુલ નિકાસના 46 ટકા વપરાશ યુરોપિયન બજારમાં છે. આથી ટ્રાન્ઝિશન પીરિયડ પછી વેપાર કરાર વિના બ્રિટિશ નિકાસને મોટું નુકશાન થઈ શકે છે.
- COVID-19ની અનિશ્ચિતતાએ બ્રિટિશ અર્થતંત્ર પર બ્રેક્ઝિટની અસરોમાં અનેકગણો વધારો કર્યો છે.
- બ્રેક્ઝિટને કારણે યુરોપિયન યુનિયનમાંથી પાછા આવનાર બ્રિટનમાં નોકરીની શોધ કરનાર યુવાનોને COVID-19ના કારણે રોજગાર ન મળવાથી દેશમાં બેરોજગારીનું પ્રમાણ વધશે.
- બ્રિટિશ સરકારની અગાઉની યોજના અનુસાર, બ્રેક્ઝિટ પછી ઉદ્યોગોને મદદ કરવા માટે રાહત પેકેજ આપવાની અપેક્ષા રાખવામાં આવી હતી. પરંતુ વર્તમાન નાણાકીય ખાદ્ય અને અર્થવ્યવસ્થામાં ઘટાડાને જોતા મોટી રાહત પેકેજની સંભાવના ખૂબ ઓછી થઈ ગઈ છે.

## પોસ્ટ બ્રેક્ઝિટ ટ્રાન્ઝિશન પીરિયડ વિશે :

- 31 જાન્યુઆરી, 2020ના રોજ બ્રિટન યુરોપિયન યુનિયન (European Union - EU)માંથી ઔપચારિક રીતે અલગ થયા પછી બ્રિટન યુરોપિયન સંસદ અને યુરોપિયન કમિશનથી અલગ થઈ ગયુ હતું. પરંતુ તે આગામી 11 મહિના (31 ડિસેમ્બર, 2020) સુધી યુરોપિયન કસ્ટમ્સ યુનિયન અને સિંગલ માર્કેટનો ભાગ બની રહેશે.
- એટલે કે આ સમય દરમિયાન યુરોપિયન સંઘ અને બ્રિટન વચ્ચેના લોકોની હિલચાલ અને મુક્ત વેપારની મંજૂરી પહેલાની જેમ બની રહેશે.
- આ સમયગાળા દરમિયાન બંને પક્ષો વચ્ચે વેપાર, વિઝા અને અન્ય બાબતો પર જરૂરી કરાર કરવામાં આવશે.
- વર્ષ 1993માં યુરોપિયન યુનિયનની સ્થાપના પછી બ્રિટન આ સંગઠનથી અલગ થનાર પ્રથમ સભ્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT